PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# <u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/પપ/કવા–૦૧/૧૭–૧૮/ 4230 તા. 05/09/17

<u>રજી. એ.ડી. પત્ર</u>

પ્રતિ,
સુરેશભાઈ પરસોતમભાઈ ઢોલરીયા,
C/O, ભાવેશભાઈ દામજીભાઈ ઢોલરીયા,
<u>નવરંગ રેસીડન્સી,</u>
<u>ગ્રીન ફાર્મ સ્કુલ ની બાજુમા</u>
<u>ગામ: .ત્રંબા.</u>
તા. રાજકોટ, જી: રાજકોટ
મો: ૯૯૭૯૬ ૦૦૭૪૬

**વિષય :–ભાવપત્રક બાબત**
**<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :પપ/કવા–૦૧/૧૭–૧૮ )</u>**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોક્લવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2.)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ત્રંબા</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૫/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીગ: તા. ૨૩–૦૬–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામઃ સુરેશભાઈ પરસોતમભાઈ ઢોલરીયા, ગામઃ રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી સુરેશભાઈ પરસોતમભાઈ ઢોલરીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :પી.જે. મહેતા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)**

---

## : હુકમ :

---

### ફરીયાદ : ભાવપત્રક બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર શ્રી એ ગામઃ પાડાસણ ખાતે આવેલ સર્વે નંબર : ૨૦૫ મા, બીન ખેતી થયેલ એવી જમીન પર, નવુ ૭ કીવો નુ જોડાણ મેળવવા માટે ની વિધીસર ની અરજી રૂ.૧૦૦/– નોધણીચાર્જ ભરપાઈ કરીને તા.૨૨–૧૨–૧૬ ના રોજ, પીજીવીસીએલ મા નોંધાવેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન ધારાધોરણ મુજબ, ખેતીવાડી વિસ્તાર ની વચ્ચે આવેલ બીન ખેતી કરાયેલ એવી જમીન પર, કરાયેલ બાંધકામ વાળા રહેણાંક ના મકાન મા,'' જયોતીગ્રામ ફીડર માથી વીજપુરવઠો '' આપવાની જોગવાઈ પ્રવર્તમાન છે. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, તેમની તા.૨૨–૧૨–૧૬ ના રોજ ની અરજી ના અનુસંધાને, ત્વરીતે જ એટલેકે જીઈઆરસી ના ધારાધોરણ મુજબ, દિવસ–૦૭ ની સમયમર્યાદા મા મંજુરી નુ ભાવપત્રક અપાયેલ નથી. અને, તેમના જોડાણ ને, મંજુરી નુ ભાવપત્રક ન આપી અને જોડાણ ચાલુ કરવાની પ્રક્રીયા મા, '' અસાધારણ મોડા પણુ '', પીજીવીસીએલ તરફથી થયેલ છે. જેથી, સદર જોડાણ '' જયોતીગ્રામ ફીડર માથી આપવાને બદલે ખેતીવાડી ફીડર માથી આપવાની '' કાર્યવાહી ત્વરીતે હાથ ધરાવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર શ્રી એ ગામઃ પાડાસણ ખાતે આવેલ સર્વે નંબર : ૨૦૫ મા, બીન ખેતી થયેલ એવી જમીન પર, નવુ ૭ કીવો નુ જોડાણ મેળવવા માટે ની વિધીસર ની અરજી રૂ.૧૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને તા.૨૨–૧૨–૧૬ ના રોજ, પીજીવીસીએલ મા નોંધાવેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન ધારાધોરણ મુજબ, ખેતીવાડી વિસ્તાર ની વચ્ચે આવેલ બીન ખેતી કરાયેલ એવી જમીન પર, કરાયેલ બાંધકામ વાળા રહેણાંક ના મકાન મા,'' જયોતીગ્રામ ફીડર માથી વીજપુરવઠો '' આપવા બાબતે, અથવા તો '' ખેતીવાડી ફીડર માથી '' વીજપુરવઠો આપવા બાબતે ની, સક્ષમ કચેરી તરફથી સ્પષ્ટતા મેળવવા માટે, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, તા.૦૮–૦૨–૧૭ થી તા.૦૨–૦૬–૧૭ સુધી સતત પત્ર વ્યહવાર કરાયેલ છે. |
| **૨.૨** | આખરે, '' ગામતળ થી દુર એવા, ખેતીવાડી હેતુ ની જમીન વચ્ચે આવેલ, એવી ખેતીવાડી હેતુ ની કે બીનખેતી થયેલ એવી જમીન પર, ૦૩ કીવો ના વીજભાર સુધીનુ કે, ઘરવપરાશ વીજજોડાણ '' જે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા રાજય સરકારશ્રી ના પરીપત્ર નંબરઃ જીયુવી – ૨૦૧૬– ૩૮૮૫– ક–૧ તા.૨૪–૦૧–૧૭ મા કરાયેલ માર્ગદર્શક અને જોગવાઈ ના અનુસંધાને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨ /આરએનઆર/૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ ના મુખ્ય મુદદા નં.૧ ના પેટા મુદદા નં. ૨, ૩ અને ૬ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' આવા જોડાણો ને માત્ર ખેતીવાડી ફીડર '' માથી જ, વીજપુરવઠો આપવાની જોગવાઈ છે. હાલ ના તબ્બકે, સક્ષમ કચેરી તરફથી, સબંધક પેટા વિભાગીય કચેરી ને, આ મુજબ નો અભિપ્રાય મળેલ છે. જેથી હવે, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ નુ, સદર ઘરવપરાશ વીજજોડાણ, '' જે ૦૩ કીવો ( |

| | |
|---|---|
| | સીગલ ફેઇઝ) સુધી ના વીજભાર માટે નુ જ જોડાણ'' જે, '' વાસ્તવિક ખર્ચ અથવા તો કેડબલ્યુ આધારીત ફીકસચાર્જ મુજબ થતા ખર્ચ – બે માથી જે વધુ હોય – એટલેકે, વધુમા વધુ રૂ.૧,૦૦,૦૦૦/– ની મહતમ ખર્ચ હેઠળ ની, જીઈઆરસી ના સદર પરીપત્ર મા કરાયેલ ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા અને શરતો ને આનુષાંગીક એવી જોગવાઈ '' ને આધિન રહીને, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી મુજબ નુ જોડાણ આપવાની કાર્યવાહી ત્વરીતે હાથ ધરી શકાશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી, જે '' ગામતળ થી દુર એવા, ખેતીવાડી હેતુ ની જમીન વચ્ચે આવેલ, એવી ખેતીવાડી હેતુ ની જમીન માહેની, બીનખેતી થયેલ એવી જમીન પર, ૦૭ કીવો ના વીજભાર વાળુ, ઘરવપરાશ વીજજોડાણ '' મેળવવા માટે ની છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા, અગાઉ ના જીઈઆરસી ના માર્ગદર્શક ધોરણ, અને ત્યારબાદ ના હાલ ના તબ્બકા ના, રાજ્ય સરકારશ્રી ના પરીપત્ર નંબરઃ જીયુવી – ૨૦૧૬– ૩૮૮૫–ક–૧ તા.૨૪–૦૧–૧૭ મા કરાયેલ માર્ગદર્શક અને જોગવાઈ ના અનુસંધાને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨ /આરએનઆર/૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ ના મુખ્ય મુદદા નં.૧ ના પેટા મુદદા નં. ૨, ૩ અને ૬ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' આવા જોડાણો ને માત્ર ખેતીવાડી ફીડર '' માથી જ, વીજપુરવઠો આપવાની જોગવાઈ છે. |
| **૩.૨** | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની, અગાઉ ના જીઈઆરસી ના માર્ગદર્શક ધોરણ, અને હાલ ના તબ્બકા ના, રાજય સરકારશ્રી પ્રારીત ધોરણ, અન્વયે ના જીયુવીએનએલ ના માર્ગદર્શન હેઠળ ની, શરતો અને જોગવાઈઓ ના અનુસંધાને – ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ નુ, સદર ઘરવપરાશ વીજજોડાણ, '' જે ૦૩ કીવો ( સીગલ ફેઇઝ) સુધી ના વીજભાર માટે નુ – એટલેકે માત્ર સીગલ ફેઇઝ જોડાણ જ '' જે – '' વાસ્તવિક ખર્ચ અથવા તો કેડબલ્યુ આધારીત ફીકસચાર્જ મુજબ થતા ખર્ચ – બે માથી જે વધુ હોય – એટલેકે, વધુમા વધુ રૂ.૧,૦૦,૦૦૦/– ની મહતમ ખર્ચ હેઠળ ની જોગવાઈ અને શરતો ને આનુષાંગીક રહીને'' – ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી મુજબ નુ જોડાણ, જે પીજીવીસીએલ તરફથી, આપવા બાબતેની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી હાથ ધરી શકાશે. પીજીવીસીએલ પક્ષકાર ને, આ મુજબની કાર્યવાહી હેઠળ, જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવાનો, ફોરમ કમિટી તરફથી આદેશ આપી, અને તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, નિયમાધીન જાણકારી અરજદાર શ્રી ને આપી, અને તેઓ શ્રી ની માંગણી મુજબ નુ, ગામતળ થી દુર અને, ખેતીવાડી વિસ્તાર વચ્ચે ના બીન ખેતી થયેલ રહેણાંક ના મકાન મા, ઘરવપરાશ ના હેતુ માટે નુ વીજજોડાણ – એટલેકે, ૦૩ કીવો ( સીગલ ફેઇઝ) સુધી ના વીજભાર માટે નુ – એટલેકે માત્ર સીગલ ફેઇઝ જોડાણ જ – જે ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે , અરજદાર શ્રી ને આપી શકાશે, જે નિયમાધીન બાબતે ની, જો અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.